



જીવન સરગમ
બિન્દુબેન કચરા

# કુતૂહલવૃત્તિમાંથી જ કંઈક શિખાય!

એક દિવસ પ્રસંગોપાત ખરીદી માટે બજારમાં ગઇ ત્યારે દુકાનમાં કેટલાંક યુવકયુવતીઓ મિત્રની બર્થ-ડે ગિફ્ટ ખરીદવા માટે આવ્યાં હતાં. ખરીદી કરતાં કરતાં સહજ ગમ્મત સાથે આ યુવાવૃંદ સાંપ્રત વિષયો પર ટિપ્પણી કરતાં હતાં.

આ ટિપ્પણીમાં T-20 ક્રિકેટ, તાજા રિલીઝ થયેલાં ચલચિત્રો, ટી.વી. સીરિયલો, ફેશન, પરીક્ષા અને સાથે ઇઝરાયલ-અમેરિકા વગેરે દેશોના યુદ્ધની ચર્ચા... પંદર-વીસ મિનિટ આ યુવાવૃંદના મનમાં ચાલતાં વિચારો અને વિષયોની ઉપરછલ્લી માહિતી મળી.

ઘરે આવી મારા કામમાં લાગી ત્યાં મારી સાત વર્ષીય પુત્રીએ રમતાં રમતાં અચાનક પૂછયું-બાજુમાં અંકલને હાર્ટએટેક આવ્યો - હાર્ટએટેક એટલે શું? હાર્ટ એટેક આવે એટલે વ્યક્તિ મરી જ જાય? ઘાત ગઇ એટલે શું? મમ્મી, લોહીનો રંગ લાલ કેમ? પાણીનો બરફ કેમ થઇ જાય છે? હું કઇ રીતે જન્મી? મારે વિજ્ઞાની થવું હોય તો કયાં ભણવા જવું પડે? આવા પ્રશ્નોમાં તેમની કુતૂહલવૃત્તિ જ પ્રગટ થાય છે.

આવા પ્રશ્નો આપણને પણ બાલ્યાવસ્થામાં ઉદ્દભવ્યા છે પણ તેના જવાબો વડીલો આપી શકે તેમ નહોતા. (કારણ કે તેમને તેના ઉત્તર આવડતા નહોતા!) એટલે પોતાનું અજ્ઞાન ઢાંકવા ખાતર આપણને કહી દેતાં- ‘એવા ગાંડા જેવા સવાલ ન પૂછ’, ‘નકામા પ્રશ્નો પૂછીને મારું મગજ નહીં ખા.’

કુતૂહલતા બાળસહજ ગુણ છે. નવું જાણવા કે સમજવાની ભરપૂર જિજ્ઞાસા બાલ્યાવસ્થામાં હોય છે. તે કિશોરવસ્થા પછી શા માટે અલોપ થઇ જાય છે?

માહિતીના વિસ્ફોટક યુગમાં નેટ સર્ફિંગ, મોબાઈલ, ટી.વી. ચેનલોની વચ્ચે દિવસના ચાર-છ કલાક કાઢી નાંખતા યુવાજનો, ગંભીર, વ્યાપક સામાજિક કે રાષ્ટ્રીય અસર ઉત્પન્ન કરનારા અને પડકારજન્ય વિષયોથી પોતાની જાતને અળગી શા માટે રાખે છે?

ચીલાચાલુ વિષયો અને જેમાંથી ક્ષણિક ઉત્તેજના કે આનંદ મળે તેવા જ વિષયોમાં રચ્યાપચ્યા રહેવાથી આપણો આંતરિક વિકાસ રૂંધાઈ જાય છે. બાળસહજ જિજ્ઞાસાથી જે વિકાસ સાધી શકાય છે તે ફકત માહિતીના સાગરમાં ડૂબકીઓ લગાવવાથી પ્રાપ્ત થઇ શકતો નથી.

બાર-તેર વરસનો આઈઝેક ન્યૂટન એક વાર બાગના એક ઝાડની નીચે બેઠો હતો. તેણે જોયું કે ઝાડ પરથી પાકી ગયેલું ફળ નીચે ખરી પડયું, તેના મનમાં પ્રશ્ન થયો- ‘આ ફળ નીચે કેમ પડયું? તે ઉપરની દિશામાં ન ગયું અને જમીન તરફ કેમ?’ એ પ્રશ્ન તેના મન પર હાવી થઇ ગયો. આઇઝેકના મનમાં ઉઠેલા કુતૂહલે તેનો કેડો મૂકયો નહીં, પછી એનો જવાબ ખોળવા મંડી પડયો, અંતે દુનિયાને એક મહાન સત્યની ભેટ મળી- આ બ્રહ્માંડ ગુરુત્વાકર્ષણના નિયમને આધીન ગતિ કરે છે.



મોટરકારની શોધ પણ એક છોકરાની કુતૂહલવૃત્તિને જ આભારી હતી! હેન્રી ખેડૂત બાપનો દીકરો હતો. તે ઘોડાથી જોડેલી બગીમાં બેસી એક ગામથી બીજે ગામ જઇ રહ્યો હતો. રસ્તામાં સામેથી એક સ્ટીમ રોલર એન્જિન આવતું જોયું. હેન્રીની બગીને રસ્તો કરી આપવા એ રોલર એન્જિન એક ખૂણે જઇને ઊભું. હેન્રીને નવાઈ લાગી - મારી બગીને ઘોડો જોડયો છે તેથી તે ચાલી શકે છે પણ આ રોલર એન્જિન તો એની મેળે ચાલે છે! તો હું ઘોડો જોડયા વિનાની ગાડી ન બનાવી શકું? તેના કુતૂહલે કબજો લઇ લીધો. તેણે તે શીખવા માટે ત્રણ વરસ વગર પગારે મિકેનિકની નોકરી કરી અને વિશ્વનો મોટર ઉદ્યોગનો અગ્રણી બની ગયો.

એડિસન એડિસન થયો કારણ કે તેને તેના વિષયમાં રસ હતો અને કુતૂહલવૃત્તિ હતી. નહિ તો વીજળીના બલ્બની શોધ તે કયારેય ન કરી શકયો હોત જો તેને રબરના ગુણધર્મ વિશે કુતૂહલ થયું ન હોત. તેના જમાનામાં જે રબર મળતું તે તાપમાં ઓગળવા જેવી સ્થિતિમાં આવી જતું ને ખૂબ નરમ પડી જતું. તો રબર બારે મહિના તેની સખતાઈનો ગુણ ટકાવી રાખે તો અનેકવિધ ઉપયોગમાં લઇ શકાય. આવી સમજ પછી તે રબરના સંશોધન પાછળ મંડયો રહ્યો. કુતૂહલથી દોરવાઈ તેણે તેના પર જાતજાતની કરામતો લડાવી જોઈ અને પાંચ વરસની લાંબી જહેમતે તે સફળ થયો.

સ્વપ્નમાં રાચતી વ્યક્તિ પોતાના સ્વપ્નને સાકાર કરવા પોતાની બુદ્ધિને કસોટી પર ચકાસવા સતત પ્રયત્નશીલ બને છે, પોતાના વિચારોને વ્યવહારમાં મૂકવાનો સ્વભાવ જે યુવક કે યુવતી વિકસાવે છે તે જ ખરેખર સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

યુવાજગતને વિસ્મય પમાડે તેવો એક કિસ્સો વાંચ્યો હતો જે ભારતમાં બન્યો. એક ઇજનેર પિતા અને પ્રાથમિક શાળાની શિક્ષિકા માતાનો પુત્ર તથાગત - 9 વર્ષનો આ ‘બાળક’ એસ.એસ.સી.માં ઉજ્જવળ ગુણ સાથે ઉત્તીર્ણ થયો. 11 વર્ષની ઉંમરે B.Sc 13 વર્ષે M.Sc અને 21 વર્ષે ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ સાયન્સમાંથી Ph.D થઇ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું અને ભારતનું નામ રોશન કર્યું.

ફકત ત્રણ વર્ષની ઉંમરથી પોતાના બાળકની વિશેષ ક્ષમતા માતા-પિતાને

**ચીલાચાલુ વિષયો અને જેમાંથી ક્ષણિક ઉત્તેજના કે આનંદ મળે તેવા જ વિષયોમાં રચ્યાપચ્યા રહેવાથી આપણો આંતરિક વિકાસ રૂંધાઈ જાય છે. બાળસહજ જિજ્ઞાસાથી જે વિકાસ સાધી શકાય છે તે ફકત માહિતીના સાગરમાં ડૂબકીઓ લગાવવાથી પ્રાપ્ત થઇ શકતો નથી**


ધ્યાનમાં આવી. ડગલે ને પગલે સતત સંઘર્ષ, પોતાની દૂરદષ્ટિ, કૃતૂહલવૃત્તિ દ્વારા તથાગત આ સિદ્ધિ પ્રાપ્ત કરી શકયો છે. નાની ઉંમરના કારણે દરેક તબક્કે કોર્ટ દ્વારા જ પ્રવેશ મેળવનાર ડૉ. તથાગત કોમ્પ્યુટરની ભાવિ દિશા અને કવોન્ટમ કોમ્પ્યુટર્સ પર ફકત 33 પાનાંનો સૌથી નાનો શોધ નિબંધ તૈયાર કરી Ph.Dની ડિગ્રી મેળવી એક અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી શકયો.

ડૉ. તથાગત પોતાની સફળતા માટે ફકત માતા-પિતાનો સ્નેહ અને સહકાર તથા પોતાની દૂરદર્શિતાનો નાનપણથી સ્વભાવ, આ યશસ્વિતા પ્રાપ્ત કરવાનાં સબળ કારણો ગણાવે છે.

તો વાચકમિત્રો! જોયું ને - કુતૂહલવૃત્તિમાંથી જ કંઈક શિખાય. જિજ્ઞાસા જીવંત રાખીએ. વિસ્મય - જિજ્ઞાસા સમાધાન-જ્ઞાન આ સોપાન સર કરવાની વૃત્તિ અને પ્રવૃત્તિ ભારતની યુવા પેઢી અપનાવે તો આપણે બધા જ આઈઝેક ન્યૂટન, એડિસન, ડૉ તથાગત બની શકીએ. તો યુવા દોસ્તો...! કરીએ શુભ સંકલ્પ અને પ્રગતિ સાધી સફળતા પ્રાપ્ત કરીએ!

### સુવર્ણરજ

**બાળકોને એક શક્તિશાળી ચીજનો પરિચય કરાવવો પણ જરૂરી છે. તે એક ચમત્કારિક ચીજ છે. જે પહાડોને પણ હલાવી શકે છે અને સપનાંઓનું નક્કર વાસ્તવિકતામાં રૂપાંતર કરી શકે એવી એક ચીજ છે... આત્મવિશ્વાસ.**


ન્યૂટન


એડિસન


હેનરી ફોર્ડ